# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૧ તા.૨૮-૦૮-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ખેલમહાકુંભ-૨૦૧૯ અંતર્ગત તા.૨૯-૮-૧૯ના રોજ સ્પોર્ટસ ડેની ઉજવણી બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જિરગઅ/ખેમકુ/૨૦૧૯-૨૦ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરીનો તા.૨૬-૮-૧૯ નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ગુજરાત સરકારના રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, અમદાવાદ શહેર તથા ગ્રામ્ય દ્વારા સંચાલિત ખેલ મહાકુંભનું આયોજન પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ કરવાનું થાય છે.

તા.૨૯-૮-૧૯ના રોજ મેજર ધ્યાનચંદનો જન્મ દિવસ હોઈ તે દિવસને ‘નેશનલ સ્પોર્ટસ ડે’ તરીકે યોજવામાં આવનાર છે. આ ઉજવણીના ભાગ રૂપે તે દિવસે શાળામાં તમામ વિદ્યાર્થીઓએ ૩૦ મી.દોડ, ૫૦ મી. દોડ, સ્ટેન્ડીંગ બ્રોડ જંપ, એથ્લેટીકસ, કબ્બડી, ખો-ખો જેવી વિવિધ રમતોનું આયોજન શાળાકક્ષાએ યોજી બાળકોને ભાગ લેવડાવવા જણાવવામાં આવે છે તથા સ્પોર્ટસ ડેનું ડોકયુમેન્ટેશન કરવાનું રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૮-૦૮-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક : જિરગઅ/ખેમકુ/૨૦૧૯-૨૦
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી,
૭મે માળ, રવિશંકર રાવળ કલાભવન,
એલીસબ્રીજ જીમખાના પાસે, લો ગાર્ડન,
અમદાવાદ
તા. ૨૬/૦૮/૨૦૧૯

પ્રતિ,

૧. આચાર્યશ્રી, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ. માધ્ય. શાળાઓ તમામ, અમદાવાદ શહેર/ ગ્રામ્ય
૨. વોર્ડ / તાલુકા મંત્રીશ્રી, ઝોન કન્વીનરશ્રી, તમામ
૩. આચાર્યશ્રી, તમામ કોલેજ, તથા શૈક્ષણીક સંસ્થાઓ, અમદાવાદ શહેર/ ગ્રામ્ય
૪. યુ.આર.સી.શ્રી, સી.આર.સી.શ્રી, બી.આર.સી.શ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તમામ
૫. પ્રમુખશ્રી/મંત્રીશ્રી રમત ગમત મંડળ, અમદાવાદ શહેર/ગ્રામ્ય

વિષય : ખેલ મહાકુંભ ૨૦૧૯
તા. ૨૯/૦૮/૨૦૧૯ના રોજ સ્પોર્ટસ ડેની ઉજવણી બાબત.

ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, અમદાવાદ શહેર તથા ગ્રામ્ય દ્વારા સંચાલીત ખેલ મહાકુંભનુ આયોજન પ્રતિવર્ષ માફક આ વર્ષે પણ કરવાનુ થાય છે.

સદરહું **૨૯/૦૮/૨૦૧૯ ના રોજ મેજર ધ્યાનચંદનો જન્મ દિવસ હોઇ તે દિવસને "નેશનલ સ્પોર્ટ્સ ડે" તરીકે યોજવામા આવનાર છે.** આ ઉજવણીના ભાગ રૂપે તે દિવસે શાળામા તમામ વિદ્યાર્થીઓ ૩૦મી. દોડ, ૫૦ મી. દોડ, સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ, એથ્લેટીક્સ, કબડી, ખો ખો, જેવી વિવિધ રમતોમા ભાગ લે તેવા પ્રયત્નો હાથ ધરવા. આ માટે કોઇ ગ્રાંટ આપવામા આવશે નહિ. આ અંગે યોગ્ય ઘટિત કરી સમગ્ર આયોજન હાથ ધરી તેનું ડોકયુમીટેશન કરવાનું રહેશે.

શાસનાધિકારી
ગર પ્રાથમિક શિક્ષણ સમિતી
અમદાવાદ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
અમદાવાદ

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ ગ્રામ્ય

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

જિલ્લા રમત ગમત અધિકારી
અમદાવાદ શહેર

જિલ્લા રમત ગમત અધિકારી
અમદાવાદ ગ્રામ્ય

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૧-A તા.૨૮-૦૮-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ગુજરાત રાજ્યમાં સરકારી તેમજ પ્રાઈવેટ સ્કૂલોમાં થતા જાદુના ખેલ તથા ખુલ્લા માલવાહક વાહનોમાં જાદુના તંબુ સુધી વિદ્યાર્થીઓને ઘેટા બકરાઓની જેમ જીવના જોખમે લઈ ન જવા અને શિક્ષણના ભોગે ચાલુ શિક્ષણકાર્ય દરમ્યાન સ્કૂલોમાં ઠેર ઠેર ચાલતા જાદુના કાર્યક્રમો તાત્કાલિક અટકાવવા બાબત.

સંદર્ભ :- પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૪૨૩૬-૮૯ તા.૨૩-૮-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં સરકારી તેમજ પ્રાઈવેટ સ્કૂલોમાં થતા જાદુના ખેલ તથા ખુલ્લા માલવાહક વાહનોમાં જાદુના તંબુ સુધી વિદ્યાર્થીઓને ઘેટા બકરાની જેમ જીવના જોખમે લઈ ન જવા અને શિક્ષણના ભોગે ચાલુ શિક્ષણકાર્ય દરમ્યાન સ્કૂલોમાં ઠેર ઠેર ચાલતા જાદુના કાર્યક્રમો તાત્કાલિક અટકાવવા ઉપરોક્ત સંદર્ભિત પત્રથી સૂચના આપવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓની સલામતિ તથા શિક્ષણકાર્યમાં અવરોધ ન થાય તે માટે તકેદારી રાખી પરિપત્રનું પાલન કરવું.

આ ઉપરાંત અત્રેની કચેરીની પૂર્વ મંજૂરી સિવાય આવા કોઈપણ પ્રકારના કાર્યક્રમો કરવા દેવા નહીં.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૮-૦૮-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૪૨૩૬-૮૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૩/૦૮/૨૦૧૯

પ્રતિ.

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:-** ગુજરાત રાજયમાં સરકારી તેમજ પ્રાઇવેટ સ્કૂલોમાં થતા જાદુના ખેલ તથા ખુલ્લા માલવાહક વાહનોમાં જાદુના તંબુ સુધી વિદ્યાર્થીઓને ઘેટા બકરાઓની જેમ જીવના જોખમે લઇ ન જવા અને શિક્ષણના ભોગે ચાલુ શિક્ષણકાર્ય દરમ્યાન સ્કુલોમાં ઠેર ઠેર ચાલતા જાદુના કાર્યક્રમો તાત્કાલિક અટકાવવા બાબત

**સંદર્ભ:-** પ્રો. ચુડાસમા, મેજીસીયન જિ. અમરેલીનો પત્ર તા. ૩૧/૦૭/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, સંદર્ભદર્શિત પત્રથી ગુજરાત રાજયમાં સરકારી તેમજ પ્રાઇવેટ સ્કૂલોમાં થતા જાદુના ખેલ તથા ખુલ્લા માલવાહક વાહનોમાં જાદુના તંબુ સુધી વિદ્યાર્થીઓને ઘેટા બકરાઓની જેમ જીવના જોખમે લઇ ન જવા અને શિક્ષણના ભોગે ચાલુ શિક્ષણકાર્ય દરમ્યાન સ્કુલોમાં ઠેર ઠેર ચાલતા જાદુના કાર્યક્રમો તાત્કાલિક અટકાવવા બાબતે પ્રો. ચુડાસમા, મેજીસીયન જિ. અમરેલીએ રજુઆત કરેલ છે. સંદર્ભીત પત્ર અન્વયે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં આ બાબતે જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.


બિડાણ:- ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ:-
- પ્રો. ચુડાસમા, મેજીસીયન, ઓપન ગાર્ડની સામે, બહારપરા, પો. દામનગર. જિ. અમરેલી

Scanned by CamScanner

જોડાણ-૭






Cell : 097243 96993/ 094264 22505
094270 49305

Prof. Magician Chudasama

Prof. Bhalubha Hamirji Chudasama
Opp. Open Garden,
Baharpara, P.O. Damnagar,
Dist. Amreli, Gujarat

Ref No.  Date ૩૨/૧૦/૨૦૧૮

પ્રતિશ્રી,
શિક્ષણમંત્રીશ્રી,
શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબશ્રી,
ગુજરાત રાજય, ગાંધીનગર

વિષય :- ગુજરાત રાજયમાં સરકારી તેમજ પ્રાઈવેટ સ્કુલોમાં થતા જાદુના ખેલ તથા ખુલ્લા માલવાહક વાહનોમાં જાદુના તંબુ સુધી વિદ્યાર્થીઓને ઘેટા બકરાની જેમ જીવના જોખમે લઈ ન જવા અને શિક્ષણના ભોગે ચાલુ શિક્ષણકાર્ય દરમ્યાન સ્કુલોમાં ઠેર ઠેર ચાલતા જાદુના કાર્યક્રમો તાત્કાલીક અટકાવવા બાબતે.


માનનીય સાહેબશ્રી,

જય ભારત સાથે હું અરજદાર શ્રી લાલુભાઈ ભયલુભાઈ ચુડાસમાં રે.: દામનગરવાળા છેલ્લી પાંચ પેઢીથી જાદુના સ્ટેજ શો બતાવી પોતાનું ગુજરાન ચલાવું છું. સાથે સાથે વિલુપ્ત થઈ રહેલી ભાતીગળ સાંસ્કૃતિક કલાનો કલાકાર છું. ઉપરોકત વિષયે મારી લેખીત ફરીયાદ છે કે, ગુજરાત સરકાર શિક્ષણ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરી રહી છે બાળકોને સારૂં શિક્ષણ મળે તે માટે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર અથાગ પ્રયાસો કરી રહી છે. ત્યારે ગુજરાત રાજયની અંદર બિલાડીના ટોપની માફક ફુટી નિકળેલા કહેવાતા જાદુગરો જે પોતાના અંગત સ્વાર્થ માટે સ્કુલના વિદ્યાર્થીઓને જાદુ બતાવી મનોરંજન પુરૂ પાડવું છે તેમ કહી સ્થાનિક શિક્ષણ અધિકારી અથવા તો લાગતા વળગતા અધિકારીશ્રીની કચેરી પાસેથી ખોટી વિગતો રજુઆતો કરી જેવી કે, અમો વિદ્યાર્થીઓના શો ના પૈસા ગાયોના ઘાસચારામાં અથવા તો અનાથ આશ્રમમાં  વિગેરે સેવાઓમાં લઈએ છીએ. આવી ઈમોશનલ રજુઆતો કરી સ્કુલો ઉપર સ્થાનિક કચેરીઓમાંથી લેખિત પરિપત્ર મેળવી સ્કુલોમાં શિક્ષકો સાથે મિઠી મીઠી વાતો કરી ચાલુ શિક્ષણ કાર્ય દરમ્યાન વિદ્યાર્થીઓને બે (૨) કલાક શો બતાવી શિક્ષણનો અનમોલ સમય ખરાબ કરી વિદ્યાર્થી દીઠ રૂા. ૩૦/- અથવા તો રૂા. ૫૦/- જેવી મોટી રકમ ઉઘરાવી લે છે, અને આવા નકલી જાદુગરો ગુજરાતનાં મોટા ખ્યાતનામ જાદુગરો જેવા કે, પ્રો. ચુડાસમાં, જાદુગર હકુભા, જાદુગર મંગલ, જાદુગર કે લાલ, જાદુગર કરણ, જાદુગર શરાબા, આવા નામાંકિત જાદુગરોના નામનો દુરઉપયોગ કરી તેમની પ્રતિષ્ઠાને ઠેસ પહોચાડી શો દરમ્યાન વલ્ગર ભાષા, ખરાબ મિમિક્રી, કરી અમારી જાદુગરોની પ્રતિષ્ઠાને અપમાનિત કરી રહયા છે. અને મોટા જાદુગરોના નામથી શો બતાવી પોતાના અંગત સ્વાર્થને સાધે છે.



Meet @ YouTube Email : taluchudasama83@gmail.com



Cell : 097243 96993/ 094264 22505
094270 49305

Prof. Magician Chudasama

Prof. Bhailubha Hamirji Chudasama
Opp. Open Garden,
Baharpara, P.O. Damnagar,
Dist. Amreli, Gujarat

Ref No. Date



સૌથી વધારે ગંભીર બાબત કે આવા લેભાગુ તત્વો જાદુગરોના મોટા મોટા બેનરો બનાવી તંબુ ઉભા કરી દરેક તાલુકાના શિક્ષણને લગતાં સ્થાનિક અધિકારીઓ પાસેથી બોગસ પરિપત્ર કરાવી વિદ્યાર્થીઓને ખુલ્લા વાહનોમાં તેઓ પોતાના તંબુ/ટેન્ટ સુધી જીવના જોખમે બોલાવવામાં આવે છે. જે તંબુઓ કાપડના બનાવેલા હોય છે. જેમાં આગ, શોટસર્કિટ થાય તો મોટી સંખ્યામાં બાળકોની જાન માલને નુકશાન થઈ શકે છે. તથા શિક્ષકો દ્વારા આવા બનાવટી જાદુગરોના શો જોવા માટે જે વાહનોનો ઉપયોગ થાય છે તે ટ્રેકટર અથવા તો ખુલ્લા ટેમ્પાઓ જેમની બાળકો બેસાડવાની કેપેસીટી બહાર ઘેટા બકરાની જેમ આવા માલવાહક વાહનમાં શિક્ષણના ભોગે બાળકોના જીવનું જોખમ ઉભુ કરી લઈ જવામાં આવે છે. જો આવા કથીત કાર્યક્રમો દરમ્યાન કોઈ જાન હાની કે મોટો અકસ્માત બને તો અમારા જેવા નામાકિંત જાદુગરો જે લોકો પેઢી દર પેઢીથી આ પવિત્ર કલાનું જતન કરી જે ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતાનો વધારો કરી રહયા છે તેવા કલાકારોને આવી કલંકરૂપી ઘટનાથી છાંટા ઉડે અને **સુકા પાછળ લીલુ** બળે તેવી પરિસ્થિતી ઉભી થાય તેમ છે. ઉદાહરણ તરીકે થોડા સમય પહેલા આપણા અમદાવાદ કાંકરીયા પાર્કમાં રાઈડ તુટવાનો જે દુઃખદ બનાવ બન્યો તે બનાવ બાદ રાજયના અલગ અલગ શહેરોમાં ચાલતાં મેળાઓમાં તેની ખરાબ અસર પડી અને **પાડાના વાંકે પખાલીને ડામ** જેવી સ્થિતિ સર્જાણી છે. તે માટે અગમચેતીરૂપે **પાણી આવે તે પહેલા પાળ બાંધી** આવા બની બેઠેલા નકલી જાદુગરો જેઓ સ્કુલોની અંદર જઈ શિક્ષણનાં ભોગે ગરીબ વિદ્યાર્થીઓ પાસેથી મનોરંજન બતાવવાની લાલચ આપીને બાળકો તેમજ શિક્ષકોને ભોળવીને પોતાના ખિસ્સાઓ ભરે છે. અને બાળકોના અનમોલ શિક્ષણને અડચણ ઉભી કરી રહયા છે. તો આપ સાહેબ ગુજરાતની તમામ ડી.ઈ.ઓ. તથા ટી.પી.ઓ. ઓફીસને પોતાની નીચે આવતી શાળાઓને આવા પરિપત્ર ન કરી આપે તે માટે જરૂરી સુચના આપવા મહેરબાની કરશોજી.

અમો એક કલાકાર તથા ગુજરાતના જાગૃત નાગરીક તરીકે આપ સાહેબને અમારી આ લેખીત ફરીયાદ કરી રહયા છીએ અમારી આ ફરીયાદની ગંભીરતાને ધ્યાને રાખી તાત્કાલીક પગલા લઈ શિક્ષણ તેમજ પ્રભુના પ્યારા પૈગંબરો જેવા બાળકોને કોઈ મોટુ નુકશાન થાય અથવા તો કોઈ જાનહાનિ થાય અને અમારી નામાંકિત જાદુગરો જાદુ કલાની સંસ્થાનોને કલંક લાગે અથવા અમો અશોભનીય સ્થિતિમાંથી પસાર થવુ પડે તે પહેલા આવા સ્કુલોમાં થતાં મનોરંજનના નામે થતા કાર્યક્રમો બંધ કરાવવા અમારી નમ્ર અરજ છે.

લી. આપનો વિશ્વાસુ

Chudasama Lalu b.

(લાલુભાઈ ભયલુભાઈ ચુડાસમાં)

**બિડાણ : ૨૫ ફોટોગ્રાફસ**

નકલ રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
(૩) [illegible]

Meet @ f YouTube Email: chudasamamagic@gmail.com

Scanned by CamScanner